ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૫૩ ટકા

# માસ્ક પહેરવા સાથે હેલ્મેટ પહેરવું પણ જરૂરી

ગાંધીનગર, તા.૪

હાલના દિવસોમાં કોરોનાથી બચવા માટે તમામ શહેરીજનો તકેદારી રાખી રહ્યા છે અને માસ્કનો ઉપયોગ પણ જરૂર પડે કરી રહ્યા છે. સરકાર દ્વારા પહેરવા પર દંડ લાદવામાં આવ્યો છે. એટલે પહેલાં જેમ અનેક શહેરીજનો માસ્ક પહેર્યા વગર જ શહેરમાં હરતાફરતા હતા તેઓ હવે માસ્ક ના પહેરવાના કારણે થતા દંડ ને ભોગવવા કરતા પહેરવાનું ધ્યાનમાં લઈ રહ્યા છે. આમ દરેક માસ્ક પહેરીને પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી કોરોનાથી તો બચી રહ્યા છે. પરંતુ હવે આ તમામ બાબતોનું ધ્યાન રાખતા રાખતા વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવાનું કે ધીમેથી વાહન ચલાવવાનું શહેરીજનો ભૂલી ગયા હોય તેમ લાગી રહ્યું છે. દિવસેને દિવસે શહેરમાં નાના મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે. પહેલા હેલ્મેટ ન પહેરવાનો દંડ સરકાર દ્વારા લાદવામાં આવ્યો હતો પરંતુ હાલમાં માસ્ક ના પહેરવાના દંડને વધુ મહત્વ આપવામાં આવી રહ્યું છે ત્યારે ઘણા શહેરીજનો હેલ્મેટ વગર જ વાહન ચલાવી રહ્યા છે અને આ કારણે અકસ્માતનો ભોગ પણ બની



રહ્યા છે.

આજે તમામે પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે તેટલું જ વાહન ચલાવતી વખતે પણ ધ્યાન રાખવું જરૂરી છે. એક અકસ્માતને કારણે એક કરતાં વધુ પરિવારો આઘાતજનક સમસ્યામાં આવી શકે છે ત્યારે તમામ શહેરીજનો આ વાતને સમજાવવા વગર હાલ સરકાર દ્વારા વાહન ચલાવતી વખતે હેલ્મેટ ન પહેરવા એ બાબતે ના દંડમાં થોડી ઢીલાશ મૂકવામાં આવી છે તેવું લાગતું હોવાથી હેલ્મેટ વગર જ ઘરની બહાર નીકળતા જોવા મળે છે. જે તદ્દન ખોટુ છે. આમ તો દંડના બહાને શહેરીજનો ટુ વ્હીલર ચલાવતી વખતે હેલ્મેટ પહેરતા હતા તેવું કહી શકાય કારણ કે હાલના દિવસોમાં દેખાઈ રહ્યું છે કે સરકાર દ્વારા ન પહેરવા બાબતેના દંડ માં ઢીલાસ મૂકવામાં આવી છે માટે જ શહેરીજનો ઓછા પ્રમાણમાં હેલ્મેટનો ઉપયોગ કરી રહ્યા છે. તેની સામે માસ્ક ન પહેરવા પર દંડ થતો હોવાથી હાલ તમામ માસ્ક પહેરીને ઘરની બહાર નીકળવાનું પસંદ કરી રહ્યા છે. પરંતુ દંડ હોય કે ન હોય કોરોના થી બચવા માટે માસ્ક પહેરવું અને અકસ્માતથી બચવા માટે હેલ્મેટ પહેરવું જરૂરી છે. સામાન્ય નાગરિકની ફરજ છે તે બાબત શહેરીજનોએ ભૂલવી ન જોઈએ. આ બાબતનું જ્ઞાન શાળામાં ભણતા બાળકોને પણ આપવામાં આવે જ છે તો પછી મોટાઓ એ પણ આ બાબતનું ફરી એકવાર જ્ઞાન લઈને સકારાત્મકતા સાથે કોરોનાથી બચવા માટે માસ્ક અને ટુ-વ્હીલર પર હેલ્મેટ પહેરવું તેને પોતાની પોતાની ફરજ સમજીને પહેરવું જોઈએ.

છેલ્લા ઘણા મહિનાથી માસ્ક પહેરવાની એક જ બાબત ને એટલુ મહત્ત્વ આપવામાં આવ્યું છે કે તે સિવાયની તમામ બાબતોને શહેરીજનો ભૂલી જ ગયા છે.

# સેક્ટર-૩ ન્યુ શોપિંગ સેન્ટર પાસે રખડતું કૂતરું રાહદારીઓને કરડતું હોવાથી નાગરિકોમાં ડર

## એક મહિલા સહિત અનેક નાગરિકોને કરડ્યું : સેક્ટર-૩ ન્યુમાં રખડતાં કૂતરાઓનો ત્રાસ વધ્યો : રખડતા કૂતરા પકડી જવા સે-૩ ન્યુ વસાહત મંડળ સહિત સ્થાનિક રહીશોની માંગ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં મુખ્ય માર્ગો પર રખડતા ઢોરની સમસ્યા તો વહીવટી તંત્ર ઉકેલી શક્યું નથી અને તે સાથે શહેરના વિવિધ સેક્ટરોમાં રખડતા કૂતરા નાગરિકોને કનડતા હોવાની સમસ્યા પણ માઝા મૂકી રહી છે. શહેરના સેક્ટર-૩ન્યુ ખાતે શ્રીમાળી સોસાયટીમાં એક સ્થાનિક રહીશ દ્વારા ગલીના રખડતા કૂતરાઓની ખોટી રીતે આળપંપાળ કરવાને કારણે સોસાયટીના રહીશો મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોવાની રાવ ઉઠી હતી જેનું હજુ સુધી કોઈ સમાધાન આવ્યું નથી ત્યાં આજ સેક્ટરમાં વધુ એક સ્થળે છેલ્લા કેટલાક દિવસથી એક કૂતરું નાગરિકોને કરડતું હોવાની ફરિયાદ ઉઠી છે. તાજેતરમાં આ કૂતરાએ એક મહિલાને પગે કરડી લેતા તેમને સિવિલ હોસ્પીટલમાં સારવાર લેવી પડી હતી.

ગત તા.૨૮મી નવેમ્બર શનિવારના રોજ સાંજના આશરે ૫-૦૦ વાગ્યે હસુમતીબેન નામના એક મહિલા તેમના નિવાસસ્થાન પ્લોટ નં. નં.૧૭૯/૧થી શોપિંગ સેન્ટરમાં ખરીદી માટે ચાલતા જતા હતા ત્યારે બગીચા નજીક આવેલા ધોબીના ગલ્લા પાસે એક કૂતરું પાછળથી આવી તેમના પગે કરડી ગયું હતું. આથી મહિલાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં લઈ જઈને ઈન્જેકશન અપાવી સારવાર કરાવવી પડી હતી. અગાઉ પણ આ વિસ્તારમાં આ પ્રકારની ઘટનાઓ અન્ય નાગરિકો સાથે બની ચૂકી છે. આ મહિલાને જે કૂતરું કરડયું છે એ ધોબીના ગલ્લા સામેના એક મકાન આગળ બેસી રહે છે જે કૂતરું ધોબી સહિત બીજા ૬ થી ૭ જણને પણ કરડી ચૂક્યું છે. સેક્ટર-૩ ન્યુમા રખડતાં કૂતરાઓનો ત્રાસ ઘણો વધી ગયો છે જે અંગે સેકટર-૩ન્યુ વસાહત મંડળ તરફથી અનેકવાર આ સમસ્યા અંગે તંત્રમાં પણ રજૂઆતો થઈ છે, પરંતુ આ બાબતે કોઈ સચોટ કાર્યવાહી થઈ નથી, પરિણામે વસાહતીઓને ભયના ઓથરે જીવવું પડી રહ્યું છે. બાળકોને પણ ઘરની બહાર રમવા કે કોઈ કામથી મોકલવા મુશ્કેલ બની રહ્યું છે, જેથી આ કૂતરાને તંત્ર દ્વારા પકડીને લઈ જવામાં આવે તેવી સ્થાનિક રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

# ચ માર્ગ પર ઈનોવા કાર અને બાઈક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર ઈનોવા કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ચ-૫ થી ચ-૩ તરફ જવાના માર્ગ પર હેલીપેડ કટ પાસે ઈનોવા કારની ટક્કરે બાઈક ચાલક નીચે પટકાતા માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાતા ફરજ પરના તબિબે મરણ જાહેર કર્યા હતા. બનાવ અંગે મૃતકની દિકરીની ફરીયાદ લઈ ફરાર ઈનોવા કાર ચાલક સામે ગુનો નોંધી સેકટર-૭ પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ન્યુ પ્લોટ નં.૨૪૫-૧ ખાતે રહેતા જીવણભાઈ નાનજીભાઈ ચૌહાણ પોતાના પરિવાર સાથે રહેતા હતા. આરોગ્ય વિભાગમાં હેડ કલાર્ક તરીકે




ફરજ બજાવી ફેબુઆરી ૨૦૧૮માં તેઓ વય નિવૃત થયા હતા. ત્યારબાદ તે જ વિભાગમાં કરાર આધારીત ફરજ બજાવતા હતા. જીવણભાઈ નોકરીએ આવવા જવા માટે બાઈક નં. જી.જે.૧૮.એમ.૫૦૨૫ નો ઉપયોગ કરતા હતા. આજે સવારે સવા દસ વાગ્યાના અરસામાં જીવણભાઈ બાઈક લઈને ચ-૫ થી ચ-૩ તરફ જઈ રહ્યા હતા. ત્યારે હેલીપેડ તરફ જવાના કટ પાસે અચાનક ઈનોવા કાર નં.જી.જે.૧૮.બી.જે.-૨૨૦૭ ના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. જેથી જીવણભાઈ નીચે પટકાતા તેઓને માથાના ભાગે અને શરીરે ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્તને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.જયાં ફરજ પરના તબિબે જીવણભાઈને મૃત જાહેર કર્યા હતા. જયારે કાર ચાલક અકસ્માત કરીને નાસી ગયો હતો. બનવા અંગે મૃતક જીવણભાઈની દિકરી આનંદિકા બેનની ફરીયાદ લઈ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં જીવણભાઈના મૃત્યુના સમાચારને પગલે પરિવારના સભ્યો સેકટર-૩ ન્યુ ના વસાહતી ભાઈ બહેનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

# લો બોલો, 'સ્માર્ટ સિટી' પાટનગરના અત્યંત વ્યસ્ત માર્ગ પર 'દીવા વિના અંધારું'

## ક-૭થી રાંધેજા ચાર રસ્તા સુધીના માર્ગ પર સ્ટ્રીટ લાઇટની સુવિધા માટે મેયરને આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા.૪

એક તરફ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પાયાની સુવિધાઓમાં લોલમલોલ હોવા છતાં યેનકેન પ્રકારે શહેરને 'સ્માર્ટ સિટી' તરીકે ખપાવવા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે પરંતુ વાસ્તવિકતા 'દીવા તળે અંધારૂ' નહીં પરંતુ 'દીવા વિના અંધારું' જેવી જણાઈ રહી છે. રાજ્યના પાટનગરના અત્યંત વ્યસ્ત વિસ્તાર પૈકીનાં એક એવા ક-૭થી રાંધેજા ચાર રસ્તા સુધીના મુખ્ય ધોરી માર્ગ પર સ્ટ્રીટ લાઈટ જેવી પાયાની સુવિધા પ્રાપ્ત નથી અને સાંજના સમયથી જ અહીં છવાઈ જતો અંધારપટ આ વિસ્તારના રહીશો, વેપારીઓ તેમજ સતત ટ્રાફિકથી વ્યસ્ત એવા આ માર્ગ પરના વાહનચાલકો માટે જોખમરૂપ બની રહ્યો છે જેથી આ વિસ્તારમાં સત્વરે સ્ટ્રીટલાઈટની સુવિધા ઊભી કરવા સ્થાનિક અગ્રણીઓને આવેદન પત્ર આપવાની ફરજ પડી છે.

ગાંધીનગરથી રાંધેજા તરફ જતાં માર્ગ પર ક-૭ સર્કલ રાંધેજા ચાર રસ્તા સુધીનો વિસ્તાર મહાનગર પાલિકાની હદમાં આવે છે અને તે વિસ્તારને શહેરી વિકાસ વિભાગ દ્વારા વિકાસની સૂચિમાં પણ સમવાયો છે તેમ છતાં આ ધોરી માર્ગ પર સ્ટ્રીટ લાઈટ જેવી પાયાની સુવિધાનો પણ અભાવ છે. અનેક પાર્ટી પ્લોટ્સ, હોટેલ-રેસ્ટોરંટ્સ, ઓટોમોબાઈલ સહિત વિવિધ પ્રકારના વાણિજ્યિક એકમોના વિકાસ સહિત અત્યારે આ વિસ્તાર શહેરના સૌથી ઝડપથી વિકાસ પામતા વિસ્તારો પૈકીનો એક વિસ્તાર ગણાય છે અને મોટી સંખ્યામાં રહેણાક વિસ્તાર પણ વિકસિત થયો હોવાથી



અનેક પરિવારોનો વસવાટ પણ આ વિસ્તારમાં જોવા મળે છે પરંતુ આ વિસ્તારમાં મુખ્ય ધોરી માર્ગ પર જ સ્ટ્રીટ લાઇટના અભાવે આ નાગરિકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રાત્રિના સમયે આ વિસ્તારમાં છવાયેલો અંધારપટ છવાયેલો રહે છે. સ્ટ્રીટ લાઈટ જેવી માળખાકીય સુવિધા ઉપલબ્ધ ના હોવાથી આ વિસ્તારમાં અકસ્માતોનું પ્રમાણ વધવાથી સ્થાનિક રહીશો માથે જોખમ વધવા સાથે આ વિસ્તારમાં અસમાજિક તત્વોને પણ છૂટ્ટો દોર મળી જવા પામી રહ્યો છે. આ કારણે આ વિસ્તારના સ્થાનિક અગ્રણીઓ અને રહીશોની સહીઓ સાથેનું આવેદન પત્ર આજે મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ સહિત સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને આપવામાં આવ્યું હતું. કોવિડ-૧૯ મહામારીના પગલે આવેદનપત્ર આપવા મર્યાદિત સંખ્યામાં અગ્રણીઓને મેયર પાસે જવા દેવામાં આવ્યા હતા જેમાં મધુબન ફાર્મના દીપકભાઈ ચૌધરી, બંસરી હોટેલવાળા ધર્મેશભાઈ પટેલ વગેરેનો સમાવેશ થાય છે.

# આગામી ૨૩મી ડિસેમ્બરથી નિઃશુલ્ક ઓનલાઈન સમર્પણ ધ્યાન સંસ્કાર મહાશિબિર યોજાશે

ગાંધીનગર, તા.૪

આજના યુગમાં દરેક વ્યક્તિ અનેક પ્રકારની સમસ્યાઓથી ઘેરાયેલો હોય છે અને પોતાની આ સમસ્યાઓ દૂર કરવા કેટલાક નાગરિકો અનેક ખર્ચા કરીને વિવિધ પ્રકારના વિધિ-વિધાન પણ કરાવતા હોય છે તેમ છતાં જો સમસ્યાઓનું સમાધાન પ્રાપ્ત ના થાય તો તેમના જીવનમાં નિરાશા વ્યાપે છે. બાબા સ્વામીના માટે જીવનની સમસ્યાઓ અંગે પોતાની અંદર રહેલો છે અને આ ઉકેલને શોધવાની દિશામાં રાહ ચિંધતી 'સમર્પણ ધ્યાન સંસ્કાર મહાશિબિર' ઓનલાઈન યુ-ટ્યુબના માધ્યમથી યોજવાની છે. આ મહા શિબિર આગામી તા. ૨૩મી ડિસેમ્બરથી તા. ૩૦મી ડિસેમ્બર દરમ્યાન દરરોજ સવારે ૬ થી ૮ કલાક દરમ્યાન અને સાંજે ૬ થી ૮ કલાક દરમ્યાન યુ-ટ્યુબની "ગુરુતત્વ" ચેનલ પર યોજાશે જેના થકી નિઃશુલ્ક યોગ શિખીને પોતાની સમસ્યાઓનું સમાધાન પ્રાપ્ત કરી શકાશે.

# છાત્ર પરિષદ ગાંધીનગરના જોઈન્ટ સેક્રેટરી તરીકે શ્રીકેત ત્રિવેદીની નિમણૂંક

ગાંધીનગર, તા.૪

ગુજરાત પ્રજાશકિત ડેમોક્રેટીક પાર્ટની છાત્ર પાંખ ભારતીય છાત્ર પરિષદમાં ગાંધીનગર જિલ્લાના જોઈન્ટ સેક્રેટરી તરીકે શ્રીકેત ત્રિવેદીની નિમણુંક કરવામાં આવી છે.



ભારતીય છાત્ર પરિષદના પ્રમુખ પ્રદિપ દ્વિવેદીએ નિમણૂંક પત્રમાં પ્રજા અને પક્ષ પ્રત્યે નિષ્ઠાપૂર્વક કામગીરીની અપેક્ષા વ્યકત કરી છે.

# સિવિલમાં કોવીડ બેડ વધારવાની હિલચાલ શરૂ

## આઈસીયુ અને હિમોડાયાલિસીસ વિભાગ પણ બદલાય તેવી શકયતાઓ

ગાંધીનગર, તા. ૪

કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે પાટનગરમાં પણ કોરોનાનો પ્રથમ કેસ માર્ચ માસમાં સામે આવ્યો હતો. પ્રારંભિક તબક્કાથી જ આરોગ્ય વિભાગે ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવીડમાં હોસ્પિટલમાં ફેરવી દીધી હતી. અત્યારે હાલના સમયે ૩૦૦ બેડની કોવીડ હોસ્પિટલ તૈયાર છે. પરંતુ દિવાળીના દિવસો બાદ દર્દીઓનો ધસારો રહેતા ૧૦૦ બેડની ક્ષમતા વધારવામાં આવી છે. જેને પગલે સિવિલ તંત્ર દ્વારા મેન અને મશીન પાવરની ક્ષમતા પણ વધારવામાં આવી છે. ત્યારે હાલના સમયે કોવીડ બેડની સંખ્યામાં વધારો કરવામાં આવતા ત્રીજા માળે કાર્યરત આઈસીયુ વોર્ડ અને હિમોડાયાલિસિસ વિભાગને પણ અન્ય જગ્યાએ ખસેડવાની સંભાવનાઓ સેવાઈ રહી છે. હાલના સમયે સિવિલમાં ચોથા માળથી કોવીડના વોર્ડ કાર્યરત છે. જેમાં સસ્પેકેટેડ અને કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જયારે આઠમાં માળે અંતિ ગંભીર દર્દીઓને સારવાર આપવામાં આવે છે. ત્યારે કોરોના વોર્ડમાં ફરજ બજાવીને સિવિલ હોસ્પિટલનો સ્ટાફ પણ થાકી ગયો છે. ત્યારે કોરોનાના વોર્ડ અને બેડની સંખ્યામાં વધારો કરાશે તો કર્મચારીઓની પણ ભરતી કરવામાં આવે તેમ લાગી રહ્યું છે. કોવીડના વિસ્તાર સાથે હોસ્પિટલનું પણ મજબુતીકરણ કરવામાં આવશે. હાલના સમયે ઓકિસજનની નવી ટેક પણ ફીટ થશે ત્યારબાદ લીકવીડ ઓકિસજનની ક્ષમતમાં પણ વધારો જોવા મળશે. ત્યારે હાલના સમયે કોરોના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થાય છે તો બીજીતરફ કોરાનાના મૃત્યુદર પણ ચિંતાજનક રીતે વધતા આરોગ્ય વિભાગમાં પણ ચિંતામાં મુકાઈ ગયો છે. ત્યારે હાલના સમયે સિવિલમાં ૩૦૦ બેડ કોવીડના હતા તેના સ્થાને ૬૦૦ બેડ કોવીડના ઉભા કરવામાં આવે તેવી હિલચાલ ચાલી રહી છે.

# વિજ્ઞાન અને ટેક્નોલોજીના સચિવ હરિત શુક્લા દ્વારા ગુજકોસ્ટ માસિકનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૪

આજે રાજ્યના રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સચિવ હરિત શુક્લા દ્વારા ગુજકોસ્ટ માસિકનું પ્રથમ સંસ્કરણ લોન્ચ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં વિજ્ઞાનની લોકપ્રિયતા અને ઉપલબ્ધ તકોથી



સંબંધિત માહિતીના પ્રસાર માટે ગુજકોસ્ટ ડી.એસ.ટી. દ્વારા આયોજીત અને તેમના સમર્થન સાથે જાગૃતિ અને પ્રવૃત્તિને ફેલાવવાની આ પહેલ કરી છે. આ માસિકની સંપુર્ણ રચના ગુજકોસ્ટના સલાહકાર ડો. નરોત્તમ સાહોના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. આ માસિક દર મહિને ડિજિટલ ફોર્મેટમાં પ્રકાશિત કરવામાં આવશે અને ગુજકોસ્ટ વેબસાઈટમાંથી મળી શકશે અને તેના વ્યાપક ફેલાવા માટે સોશિયલ મીડિયા હેન્ડલ પર પણ મુકવામાં આવશે.

ગુજકોસ્ટ સતત 'વિજ્ઞાનમાં રોકાણ,ભવિષ્યમાં રોકાણ'ના લક્ષ્યને હાસંલ કરવા માટે કાર્યરત છે. આ માસિક એ દિશામાં વધુ એક પગલું આગળ છે.તે બધાને તક પૂરી પાડે છે જેઓ તેનાથી વંચિત રહી ગયા છે. આ ઈ-બુક ગુજકોસ્ટ વેબસાઈટ એટલે કે https://gujcost.gujarat.gov.in/ પર વિના મૂલ્યે ઉપલબ્ધ છે.

# નાગરિકોના સ્વાસ્થ્યમાં જાગૃતિ લાવવા માટે નવીન રીતોનું ચલણ : ડો. નર્મદાપ્રસાદ શુક્લા

## ગુજરાત સાયન્સ સિટી ખાતે પર્યાવરણ નિયંત્રણ દિવસ નિમિત્તે વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૪

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી દ્વારા રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ પર એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો, ખેડૂતોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મધ્ય પ્રદેશ પ્રદૂષણ બોર્ડના પૂર્વ અધ્યક્ષ ડો. નર્મદા પ્રસાદ શુક્લા ઉપસ્થિત રહ્યા હતા. ભાગ લેનારાઓને તેમણે કહ્યું કે કોવિડ -૧૯ મહામારીના કારણે નાગરિકોમાં અને તેમના સ્વાસ્થ્યમાં જાગૃતિ લાવવા માટે નવીન રીતોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ડો.શુક્લાએ 'હવા પ્રદૂષણ અને માનવ આરોગ્ય' પર વિશેષ વકતવ્ય આપતા કહ્યું કે, 'આપણી માતા પૃથ્વી સંભાળને પાત્ર છે કે જે કમનસીબે આપણે આપતા નથી. ચાલો સાથે મળીને આપણા પર્યાવરણને સ્વચ્છ અને સુંદર બનાવવાની શક્તિ અને ક્ષમતા બતાવીએ. આજે રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ છે. તેને સમાધાનને પાત્ર બનાવીએ પ્રદૂષણનો નહીં.' વધુમાં તેમણે ઉમેર્યુ કે, 'આજના મુખ્ય ઉદ્દેશો ઔદ્યોગિક આપત્તિઓનું સંચાલન અને નિયંત્રણ અંગે જાગરૂકતા ફેલાવવા, ઔદ્યોગિક પ્રક્રિયાઓ અથવા માનવ ઉપેક્ષા દ્વારા થતા પ્રદૂષણને રોકવા, પ્રદૂષણ નિયંત્રણના કાર્યોના મહત્વ વિશે લોકોને અને ઉદ્યોગોને જાગૃત કરવા વગેરે છે. આ દિવસનો હેતુ લોકોમાં હવા, માટી, ધ્વની અને જળ પ્રદૂષણને રોકવા માટે જાગૃતિ લાવવાનો છે.'

ભોપાલમાં ૧૯૮૪ની ગેસ દુર્ઘટના બાદ રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ દર ૨ અને ૩ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. તે દુર્ઘટનામાં યુનિયન કાર્બાઈડમાંથી ઝેરી વાયુના લીકેજ થવાને કારણે ઘણા નાગરિકોના મોત થયા હતા. એન.એમ.સી.ના અધિકારીઓ અને કર્મચારીઓએ પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે દુર્ઘટનાના તમામ પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. બારોટ શાન્તાબેન ગાંડાભાઈ, ઉ.વ. ૮૪, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર બાલુબેન જીવણજી, ઉ.વ. ૭૦, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. ચંદુલાલ ઈશ્વરલાલ ખત્રી, ઉ.વ. ૭૦, ગોતા, અમદાવાદ
- સ્વ. ચૌહાણ વિરાભાઈ મોતીભાઈ, ઉ.વ. ૭૮, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. રાવળ ગોકાજી સોમાજી, ચાંદલોડીયા, અમદાવાદ
- સ્વ. પ્રજાપતિ મંજુલાબેન જગદીશભાઈ, ઉ.વ. ૫૨, નારદીપુર, તા. કલોલ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. ગોબરસિંહ રાણાજી પરમાર, ઉ.વ. ૯૦, અસારવા, અમદાવાદ
- સ્વ. ઉમેશજી જેસંગજી મકવાણા, ઉ.વ. ૪૦, ધારીસણા, તા. દહેગામ
- સ્વ. વ્યાસ હિતેન્દ્રકુમાર રસીકલાલ, ઉ.વ. ૬૩, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. સોની હિતેન્દ્રભાઈ લક્ષ્મીચંદભાઈ, ઉ.વ. ૫૧, નરોડા, અમદાવાદ
- સ્વ. રાજુભાઈ હરજીવનદાસ ચૌહાણ, ઉ.વ. ૫૦, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. ગીતારાની જયસ્વાલ, ઉ.વ. ૬૬, કલકત્તા, વેસ્ટ બંગાળ
- સ્વ. ત્રિભોવનભાઈ વર્ધમાનભાઈ પટેલ, ઉ.વ. ૬૮, ખડાવ, તા. માણસા
- સ્વ. પટેલ શાંતિલાલ મહાદેવભાઈ, ઉ.વ. ૭૨, મેઢા, તા. કડી, મહેસાણા